# લોકરક્ષક ભરતી બોર્ડ

મહાનિયામક, રક્ષા શકિત યુનિવર્સિટીની કચેરી,ન્યુ મેન્ટલ
કોર્નર, મેઘાણીનગર, અમદાવાદ. – ૩૮૦૦૧૬

**જાહેરાત ક્રમાંક : LRB/201819/1**

## ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓમાં સીધી ભરતી માટે અગત્યની વિગતવારની સુચનાઓ:-

સરકારશ્રીના ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૧૮/૦૯/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ મહક/ ૧૦૨૦૧૭/૧૮૧૩/સ તથા તા.૧૨/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ મહક/૧૦૨૦૧૭/૧૮૧૩/સ થી નીચે જણાવ્યા મુજબ લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ છે.

| અ.નં. | અધિકારીશ્રીનુ નામ | હોદદો |
|---|---|---|
| ૧ | શ્રી વિકાસ સહાય,IPS | અધ્યક્ષ લોકરક્ષક ભરતી બોર્ડ અને મહાનિયામક, રક્ષા શકિત યુનિવર્સિટી, મેઘાણીનગર, અમદાવાદ. |
| ૨ | શ્રી મનોજ શશીધર, IPS | સભ્ય લોકરક્ષક ભરતી બોર્ડ અને પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ-ગોધરા વિભાગ, ગોધરા. |
| ૩ | શ્રીમતી નિપુર્ણા એમ. તોરવણે, IPS | સભ્ય લોકરક્ષક ભરતી બોર્ડ અને અધિક નિયામક, તાલીમ, ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, ગાંધીનગર. |
| ૪ | નાયબ સચિવશ્રી, (જેલ) હોદદા જોગ | ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર. |

(૧) ગુજરાત પોલીસ દળમાં વર્ગ-૩ ની હથિયારી / બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક, જેલ સિપાઇ (પુરૂષ), જેલ સિપાઇ (મહિલા)/મેટ્રન સંવર્ગની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ તમામ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરીપૂર્ણ કરતા અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએતા.૧૫/૦૮/૨૦૧૮ (સવારના કલાક ૧૧.૦૦) થી તા.૦૭/૦૯/૨૦૧૮ (રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઇન્ટરનેટ પર https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જઇ " પોલીસ ભરતીની જાહેરાત "ના પેઇજ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા ભરતીને લગતી

માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી પુરી કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. હાલ કોઇપણ કચેરીમાં ટપાલથી કે રૂબરૂમાં અરજીપત્રકો મોકલવાના રહેશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

**સરકારશ્રીના ગૃહવિભાગના સુધારા ભરતી નિયમો તા.૦૩/૦૫/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ GG/GUJ/32/2018/MHK/102011/2219/C તથા GG/GUJ/31/2018/MHK/102011/2220/C માં જણાવ્યા પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટ સિવિલ અપીલ નં. ૧૦૬૩૪ – ૧૦૬૭૦ / ૨૦૧૭ ના ચુકાદામાં જણાવ્યા મુજબ સબંધિત દાવામાં જણાવેલ અરજદારોને એક ભરતી પૂરતા ઉપલી વય મર્યાદામાં છુટછાટ આપવા જણાવેલ હોઇ આવા ઉમેદવારોએ ઓફલાઇન અરજી કરવાની રહેશે અને ઓનલાઇન અરજી કરવાની રહેશે નહીં. લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી, બંગલા નં.ગ-૧૩, એરફોર્સની પાછળ, સેકટર-૯, ગાંધીનગર, પીન કોડ-૩૮૨૦૦૯ ખાતે નીચે જણાવ્યા મુજબ કાર્યવાહી કરીને રૂબરૂમાં, પોતે જ આવીને અરજી આપવાની રહેશે. ઉમેદવારે જાતે લોકરક્ષક ભરતી બોર્ડની કચેરી આવવાનું રહેશે તે અંગે ખાસ નોંધ લેવી.**

**સુપ્રિમ કોર્ટના હુકમ મુજબના ઉમેદવારોએ https://ojas.gujarat.gov.in વેબ સાઇટ પર જઇ આપવામાં આવેલ ફોર્મ ડાઉનલોડ કરી તેમાં જણાવેલ વિગતોનો અભ્યાસ કરી અને સંપૂર્ણ રીતે ભરી ઉપર જણાવેલ સરનામે સવાર કલાકઃ ૧૧.૦૦ થી સાંજના કલાકઃ ૦૫.૦૦ વાગ્યા સુધી (જાહેર રજાના દિવસો સિવાય) રૂબરૂમાં, પોતે જ આવીને આપવાનું રહેશે. રૂબરૂમાં અરજીપત્રક આપવા આવો તે સમયે ઉમેદવારે પોતાનું આધાર કાર્ડ / ઇલેકશન કાર્ડ / ડ્રાઇવીંગ લાયસન્સ / પાન કાર્ડ પૈકી કોઇપણ એક ફોટો આઇ.ડી. અસલમાં સાથે લાવવાનું રહેશે.**

**નોંધઃ ઉપરોકત ઉમેદવારોને ફકત ઉપલી વય મર્યાદામાં જ છુટછાટ મળશે, બાકી ભરતી નિયમો અને પરિક્ષા નિયમોમાં જણાવેલ તમામ વિગતો લાગુ પડશે.**

(૨) ઉમેદવારે સ્વયં અથવા ઇન્ટરનેટ જાણકારની મદદથી પોતાનો રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટાની ઇમેજ ૧૫ KB અને સીગ્નેચરની ઇમેજ ૧૫ KB સાઇઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૩) આ ભરતી માટે કુલ ૬૧૮૯ ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| સંવર્ગ | | બિનઅનામત | | અનુસૂચિતજાતિ | | અનુસૂચિતજનજાતિ | | સા.શૈ.પ. વર્ગ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા | પુરૂષ | મહિલા |
| ક | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક | ૧૧૫ | ૫૭ | ૧૫ | ૮ | ૩૪ | ૧૬ | ૬૧ | ૩૦ | ૨૨૫ | ૧૧૧ |
| ખ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક | ૧૮૧૦ | ૮૯૨ | ૨૪૯ | ૧૨૨ | ૫૩૩ | ૨૬૨ | ૯૫૯ | ૪૭૨ | ૩૫૫૧ | ૧૭૪૮ |
| ગ | જેલ સિપાઇ | ૪૨૪ | ૩૭ | ૦ | ૨ | ૭૫ | ૯ | ૦ | ૭ | ૪૯૯ | ૫૫ |
| | કુલ | ૨૩૪૯ | ૯૮૬ | ૨૬૪ | ૧૩૨ | ૬૪૨ | ૨૮૭ | ૧૦૨૦ | ૫૦૯ | ૪૨૭૫ | ૧૯૧૪ |

<u>ખાસ નોંધ :</u>

(A) ઉપર દર્શાવેલ ખાલી જગ્યાઓની સંખ્યામાં ફેરફાર જરૂરી બનશે તો તે કરવાનો હક્ક સરકારશ્રીનો રહેશે અને તે ઉમેદવારોને સ્વીકાર્ય રહેશે.

(B) સરકારશ્રી/ નામદાર સુપ્રીમ કોર્ટ/ નામદાર હાઇકોર્ટ તરફથી વખતો વખત જે ચુકાદો/નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૪) સીધી ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમો / પરીક્ષા નિયમો તથા નિતી વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે. (નિયમો/ઠરાવો/પરિપત્રો ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ <u>http://home.gujarat.gov.in</u> તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ <u>http://gad.gujarat.gov.in</u> ઉપર ઉપલબ્ધ છે.)

(૫) તમામ સંવર્ગની જગ્યાઓ માટે વય-મર્યાદા, શૈક્ષણિક લાયકાત, નોન-ક્રિમીલેયર સર્ટીફીકેટ, NCC “C” સર્ટી., રક્ષા શકિત યુનિર્વસીટીનું પ્રમાણપત્ર, રમત-ગમતનું પ્રમાણપત્ર, સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફીકેટ <u>તા.૦૭/૦૯/૨૦૧૮</u> સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

(૬) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

બિન હથિયારી/હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક અને જેલ સિપાઇની જગ્યા માટે નીચે મુજબની વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત રહેશે.

| જગ્યાનું નામ | | વય-મર્યાદા (સામાન્ય) | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ક | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક | લઘુત્તમ-૧૮ વર્ષ<br>મહત્તમ-૩૩ વર્ષ<br>(તા.૦૬/૦૯/૧૯૮૫ થી તા.૦૭/૦૯/૨૦૦૦ સુધીમાં જન્મેલ.) | ધોરણ ૧૨ પાસ-હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી ધ્વારા માન્ય ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષા પાસ હોવા જોઇએ. |
| ખ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ-લોકરક્ષક | | |
| ગ | જેલ સિપાઇ | | |

નોંધ : ઉપર દર્શાવેલ ઉપલી વય-મર્યાદામાં નીચે જણાવેલ કેટેગરીના ઉમેદવારોને જણાવ્યા મુજબની વધુ છુટ-છાટ મળશે.

1) **અનુસૂચિત જાતિ (SC)/ અનુસૂચિત જન જાતિ (ST) / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) વર્ગના ઉમેદવારોને ઉપલીવય મર્યાદામાં પાંચ વર્ષની છુટ મળશે.**

2) **તમામ મહિલા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષની છુટ. (અનામત કક્ષાના મહિલા ઉમેદવારોને વયમર્યાદામાં કુલ ૧૦ વર્ષની છુટ મળશે)**

3) **એકસ સર્વિસમેનને કરેલ સેવાના સંદર્ભે નિયમોનુસાર મળવાપાત્ર છુટ માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોયઅને નોકરી માંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉંમર માંથી બાદ કરતાં મળતી ઉંમર ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઇએ નહીં.**

**(નિયમો: ગુ.રા.સેવા (માજી સૈનિકો માટે અનામત) નિયમો-૧૯૭૫ અને સુધારેલ નિયમો-૧૯૯૪).**

4) **સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૮૦, તા.૦૧/૦૮/૯૦તથા તા.૧૮/૦૪/૦૧ના ઠરાવથી ૨૫ રમતો/ખેલકુદની યાદીને માન્યતા આપવામાં આવેલ છે. જે ઠરાવની જોગવાઇઓ મુજબ રમતવીરોને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ મળશે.**

5) **સરકારશ્રીના ગૃહવિભાગના સુધારા ભરતી નિયમો તા.0૩/૦૫/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંકઃ GG/GUJ/32/2018/MHK/102011/2219/C તથા GG/GUJ/31/2018/MHK/102011/2220/C માં જણાવ્યા પ્રમાણે નામદાર સુપ્રિમ કોર્ટ સિવિલ અપીલ નં. ૧૦૬૩૪ – ૧૦૬૭૦ / ૨૦૧૭ ના ચુકાદામાં જણાવ્યા મુજબ સબંધિત દાવામાં જણાવેલ અરજદારોને એક ભરતી પૂરતા ઉપલી વય મર્યાદામાં તા.૦૭/૦૯/૨૦૧૮ નારોજ ૫૮ વર્ષ થી વધે નહીં તે રીતે છુટછાટ આપવા જણાવેલ હોઇ આવા ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં જણાવ્યા મુજબની છુટછાટ મળશે.**

(૭) <u>કોમ્પ્યુટર જ્ઞાન</u> :

રાજ્ય સરકારે સીધી ભરતીમાં નિમણુંક પામતા તમામ ઉમેદવારો પાસે પાયાના કોમ્પ્યુટર જ્ઞાનની પૂર્વ જરૂરીયાત આવશ્યક ગણેલ છે. જે માટે DOEACC દ્વારા લેવાતી સી.સી.સી. સર્ટીફીકેટ, ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨, ડીપ્લોમા અને ડીગ્રી પદવી સુધીના કોમ્પ્યુટર વિષયવાળા અભ્યાસક્રમો, જે માન્ય યુનિવર્સિટી/ શૈક્ષણિક તાલીમી સંસ્થાઓ દ્વારા અપાય છે, તે સ્વીકૃત ગણવામાં આવ્યા છે. સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ એક પૂર્વ લાયકાત છે. આથી પસંદગી બાદ સરકારની ખાતાકીય તાલીમના ભાગરૂપે અને/અથવા અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલ વર્ગ-૩ માટેની સી.સી.સી. સ્તરની પરીક્ષા સરકારના પરીક્ષા કેન્દ્રો દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૮) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અને હિન્દી ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. તેમજ ભારતનું નાગરિકત્વ, શારીરિક યોગ્યતા અને સારાચારિત્ર્ય અંગેની ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(૯) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ તે જ્ઞાતિના મળવાપાત્ર લાભ લેવા માટે સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૬.૦૪.૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ થી જણાવ્યા મુજબ બિન ઉન્નત વર્ગના (Non Creamy Layer)ની અવધી (Validity) આવું પ્રમાણપત્ર જે નાણાંકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ વર્ષની રહેશે. જેથી **<u>બિન ઉન્નત વર્ગ (Non Creamy Layer)નું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવી લેવાનું રહેશે અને આ પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૦૭/૦૯/૨૦૧૮ ની વચ્ચેના સમયગાળામાં ઇસ્યુ થયેલ હોવું જોઇએ.</u>** આ પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે. અન્યથા અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૧૦) માજી સૈનિકો (Ex-Serviceman)માટેની ૧૦ % સુધી જગ્યાઓ અનામત રહેશે અને તે ઇન્ટરલોકયુટરી અનામત ગણવામાં આવશે. પરંતુ આ અંગે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩/૬/૮૭ ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૮૬-(૧૮)-આરઇએસ-૧૦૮૬-૧૭૨૮-ગ.૨ થી ઠરાવ્યા મુજબ સીધી ભરતીમાં માજી સૈનિકો માટે ઠરાવેલ સામાન્ય ધોરણો મુજબ પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં ભરતી માટેનું બોર્ડ આ અંગે વિવેક અનુસાર માજી સૈનિકના સામાન્ય પસંદગીના ધોરણોમાં છૂટછાટ આપી શકે છે. પરંતુ આવી છૂટછાટના કારણે આવા ઉમેદવારોના પર્ફોમન્સ ઉપર તેની અસર થવી જોઇએ નહીં એ ભરતી બોર્ડે જોવાનું રહેશે.

(૧૧) શારીરિક ધોરણો :

(એ) પુરૂષ ઉમેદવારો માટે :

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) | છાતી (સે.મી. માં) | | વજન (કિ.ગ્રા. માં) |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી | |
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ | ૫૦ |
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ | ૫૦ |

- છાતીનો ફુલાવો ઓછામાં ઓછો ૫ સે.મી. નો થવો અનિવાર્ય છે.

(બી) મહિલા ઉમેદવારો માટે :

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) | વજન (કિ.ગ્રા. માં) |
|---|---|---|
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૦ | ૪૦ |
| મૂળ ગુજરાતના અનુ. જનજાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૫ | ૪૦ |

(૧૨) ઉમેદવાર નીચે જણાવ્યા પૈકીની એક કે વધારે શારીરિકખામી ધરાવતો હશે તો તેને શારીરિક રીતે અયોગ્ય ગણવામાં આવશે.

(૧) વાંકા ઢીંચણવાળા (Knock Knee)
(૨) ફુલેલી છાતી (Pigeon Chest)
(૩) બાડી આંખ (Squint Eye)
(૪) સપાટ પગ (Flat Feet)
(૫) કાયમની અતિશય ફુલેલી નસ (Varicose Veins)
(૬) ફુલેલો અંગુઠો (Hammer Toes)
(૭) અસ્થિભંગ અંગ (Fractured Limb)
(૮) સડેલા દાંત (Decayed Teeth)
(૯) ચેપી ચામડીના રોગ (Communicable Skin Disease)

(૧૩) પોલીસ કોન્સ્ટેબલ (હથિયારી/બિન હથિયારી)- લોકરક્ષક/ જેલ સિપાઇ - વર્ગ-૩ ભરતી નિયમો – ૨૦૧૬ માં જણાવેલ SHAPEI મુજબ ઉમેદવાર માનસિક, શ્રવણશકિત, અપેન્ડેઝ

(Appendage), સામાન્ય કામ માટે ભૌતિક ક્ષમતા, દ્રષ્ટી વિગેરેમાં સામાન્ય વ્યાવસાયિક કાર્યો કરવા અંગે સંપૂર્ણ રીતે સક્ષમ હોવા જોઇશે. આ અંગે જરૂરી તબીબી પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

(૧૪) ઉમેદવારે શારીરિક ઉણપ જેવી કે, વાંકા ઢીંચણવાળા (Knock Knee), સપાટ પગ (Flat Feet)ની શસ્ત્રક્રિયાથી મુકત હોવા જોઇએ. તેમજ ભૂતકાળમાં માનસિક તેમજ વાઇ (fits), કાયમની અતિશય ફુલેલી નસ (Varicose Veins) ની બિમારી ધરાવતા ન હોવા જોઇએ.

(૧૫) <u>લેખિત પરીક્ષા</u> :

તમામ સંવર્ગની જગ્યાએ ભરતી થવા માટે લેખિત પરીક્ષા એ અનિવાર્ય કવોલીફાઇંગ ટેસ્ટ છે. લેખિત પરીક્ષા ૧૦૦ પ્રશ્નના હેતુલક્ષી (ઓબ્જેકટીવ) પ્રશ્નપત્રમાં લેવાશે. જેમાં દરેક પ્રશ્નના એક ગુણ લેખે કુલ ગુણ ૧૦૦ રહેશે. જે પરીક્ષાનો સમય એક કલાકનો રહેશે. આ પશ્નપત્રમાં સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટર જ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ, સમાજ શાસ્ત્ર, મેન્ટલ એબીલીટી, વિજ્ઞાન તેમજ ભારતનું બંધારણ, ક્રિમીનલ પ્રોસીજર કોડ-૧૯૭૩, ઇન્ડીયન પીનલ કોડ-૧૮૬૦ અને એવીડન્સ એકટ-૧૮૭૨ ને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો આવરી લેવાશે. આ લેખિત પરીક્ષા **MCQ (Multiple Choice Question)** અને **OMR (Optical Mark Reader)** પદ્ધતિમાં લેવામાં આવશે. દરેક સાચા જવાબ માટે એક માકર્સ મળશે. તેમજ દરેક ખોટા જવાબ માટે નેગેટીવ માકર્સ ૦.૨૫ કાપવામાં આવશે. OMR શીટમાં સફેદ શાહી (White Ink)નો ઉપયોગ નિષેધ છે. જો કોઇ ઉમેદવાર કોઇ પ્રશ્નના જવાબમાં સફેદ શાહી (White Ink)નો ઉપયોગ કરશે તો તે જવાબ ખોટો ગણી નેગેટીવ માકર્સ આપવામાં આવશે.

- <u>લેખિત પરીક્ષાનું માધ્યમ ફકત ગુજરાતી રહેશે.</u>

<u>(૧૬) વિશેષ ગુણ ભારાંક</u> :

લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ ઉપરાંત નીચે જણાવ્યા મુજબ જે તે ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણ ઉમેરવામાં આવશે.

(i) એન.સી.સી. નું "સી" સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના ૨ (બે) ગુણ આપવામાં આવશે.

(ii) સરકારશ્રી ગૃહવિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક : જીજી/જીયુજે/ ૦૯/૨૦૧૬/એમએચકે/૧૦૧૦/૧૩૯૩/સી માં કરેલ જોગવાઇ મુજબ રક્ષા શકિત યુનિર્વસિટી દ્વારા અપાતા પ્રમાણપત્ર મેળવેલ હશે તેમને લોકરક્ષક કેડરમાં નિયમોનુસાર નીચે મુજબ વધુ ગુણ આપવામાં આવશે.

ડીસ્ટીન્કશન – ૫ (પાંચ)ગુણ
ફર્સ્ટ કલાસ – ૪ (ચાર) ગુણ
સેકન્ડ કલાસ– ૩ (ત્રણ) ગુણ
પાસ કલાસ – ૨ (બે) ગુણ

(iii) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ-૨ અને તા.૨૫/૦૨/૮૦ ના ઠરાવમાં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા રમતવીર ઉમેદવારોને લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના વધુ ૫ % ગુણ આપવામાં આવશે.ગ્રામ્ય/**તાલુકા/જીલ્લા કક્ષાના સ્પર્ધકોને વધુ** ગુણભાર **મળવાપાત્ર નથી.**

(iv) સરકારશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં ઠરાવ્યા મુજબ વિધવા મહિલા ઉમેદવારોને લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણના વિશેષ ૫ % ગુણ આપવામાં આવશે.

- લેખિત પરીક્ષામાં પરીક્ષા નિયમમાં દર્શાવ્યા મુજબ ઓછામાં ઓછા ૪૦ % માર્કસ મેળવનાર ઉમેદવારોને જ શારીરિક ક્ષમતા કસોટી (ફીઝીકલ એફીસીયન્સી ટેસ્ટ) માટે ક્વોલીફાઇડ ગણવામાં આવશે અને મેરીટના આધારે કેટેગીરી વાઇઝ ખાલી જગ્યાના આશરે આઠ ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માટે બોલાવવામાં આવશે.
- જે ઉમેદવારો પોતાના મુખ્ય લેખિત પરીક્ષાના OMR Sheet નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારોને રીચેકીંગ માટે પરીક્ષા નિયમમાં દર્શાવ્યા મુજબ ૧૫ (પંદર) દિવસનો સમય આપવામાં આવશે અને બોર્ડ ધ્વારા રીચેકીંગ માટે જે ફી નકકી કરવામાં આવે તે ચુકવવાની રહેશે.
- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માટે વહીવટી અનુકુળતા મુજબ કોઇપણ તારીખે અને સમયે ઉમેદવારોને બોલાવવામાં આવશે અને તે મુજબ શારીરિક ક્ષમતા કસોટી માટે ઉમેદવારોએ તેઓને જણાવવામાં આવેલ કેન્દ્ર ખાતે હાજર રહેવાનું રહેશે. શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) માટે તારીખ અને સમય અંગેની ઉમેદવારોની કોઇ પણ રજૂઆત સામાન્ય સંજોગોમાં ધ્યાને લેવામાં આવશે નહીં આમ છતાં આ બાબતે બોર્ડનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા ગણાશે.

(૧૭) શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test):

| | | તમામ જગ્યાઓ માટે નીચે પ્રમાણે એક જ સંયુકત શારીરિક કસોટી યોજાશે. | | |
|---|---|---|---|---|
| દોડ | પુરૂષ | (ક) | ૫૦૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૨૫ મિનિટમાં તમામ પુરૂષ ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | મહિલા | (ખ) | ૧૬૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૯ મિનિટ ૩૦ સેકન્ડમાં તમામ મહિલા ઉમેદવારોએ દોડ પુરી કરવાની રહેશે. |
| | એક્સ સર્વિસમેન | (ગ) | ૨૪૦૦ મીટર દોડ | વધુમાં વધુ ૧૨ મિનીટ ૩૦ સેકન્ડમાં તમામ એકસ સર્વિસમેન ઉમેદવારોએ આ દોડ પુરી કરવાની રહેશે. |

(એ) પુરૂષ ઉમેદવારો માટે :

૫૦૦૦ મીટરની દોડ મહત્તમ ૨૫ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૨૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૫ માકર્સ |
| ૨૦ મિનીટ કરતા વધુ અને ૨૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૪ માકર્સ |
| ૨૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૩ માકર્સ |
| ૨૧ મિનીટ કરતા વધુ અને ૨૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૨ માકર્સ |
| ૨૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૦ માકર્સ |
| ૨૨ મિનીટ કરતા વધુ અને ૨૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૮ માકર્સ |
| ૨૨.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૩ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૬ માકર્સ |
| ૨૩ મિનીટ કરતા વધુ અને ૨૩.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૪ માકર્સ |
| ૨૩.૩૦ મિનીટ કરતા વધુ અને ૨૪ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૨ માકર્સ |
| ૨૪ મિનીટ કરતા વધુ અને ૨૫ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૦ માકર્સ |
| ૨૫ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

(બી) મહિલા ઉમેદવારો માટે :

૧૬૦૦ મીટરની દોડ મહત્તમ ૯.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૭ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૫ માકર્સ |
| ૭ મિનીટ કરતા વધુ અને ૭.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૩ માકર્સ |
| ૭.૩૦ મિનીટ કરતા વધુ અને ૮ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૧ માકર્સ |
| ૮ મિનીટ કરતા વધુ અને ૮.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૮ માકર્સ |
| ૮.૩૦ મિનીટ કરતા વધુ અને ૯ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૫ માકર્સ |
| ૯ મિનીટ કરતા વધુ અને ૯.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૦ માકર્સ |
| ૯.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

(સી) એકસ સર્વિસમેન ઉમેદવારો માટે :

૨૪૦૦ મીટરની દોડ મહત્તમ ૧૨.૩૦ મિનીટમાં પૂર્ણ કરવાની રહેશે અને તે માટે નીચે મુજબ ગુણભાર આપવામાં આવશે.

| | |
|---|---|
| ૯.૩૦ મિનીટ અથવા તે કરતા ઓછી મિનીટમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૫ માકર્સ |
| ૯.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૩ માકર્સ |
| ૧૦ મિનીટ કરતા વધુ અને ૧૦.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૨૧ માકર્સ |
| ૧૦.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૧ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૯ માકર્સ |
| ૧૧ મિનીટ કરતા વધુ અને ૧૧.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૭ માકર્સ |
| ૧૧.૩૦ મિનીટ કરતા વધુ અને ૧૨ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૫ માકર્સ |
| ૧૨ મિનીટ કરતા વધુ અને ૧૨.૩૦ મિનીટ અથવા તેનાથી ઓછા સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવારને | ૧૦ માકર્સ |
| ૧૨.૩૦ મિનીટ કરતા વધુ સમયમાં દોડ પૂર્ણ કરનાર ઉમેદવાર | નાપાસ |

શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test)માં ઉત્તીર્ણ (કવોલીફાઇ) થયેલ ઉમેદવારોની શારીરિક માપદંડ (Physical Standard Test) કસોટી લેવામાં આવશે. જેમાં પેરા નંબરઃ૧૧ માં જણાવ્યા મુજબની લાયકાત અંગે ચકાસણી કરવામાં આવશે.

(૧૮) જરૂરી સૂચનાઓ :

(૧૮.૧) શારીરિક કસોટી માટે ઉપર જણાવ્યા મુજબ કેટેગીરી વાઇઝ ખાલી જગ્યાના આશરે ૮ (આઠ) ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે આ ઉમેદવારોને બોલાવવા માટે તૈયાર કરવામાં આવનાર યાદી નીચે મુજબના ગુણને ધ્યાને લઇ નકકી કરવામાં આવશે.

(૧) લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ
(૨) એન.સી.સી. "સી" સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ
(૩) રક્ષા શકિતના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ
(૪) વિધવા મહિલાને મળવાપાત્ર વિશેષ ગુણ
(૫) માન્ય સ્પોર્ટ્સ સર્ટીફીકેટ આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

ઉપરોકત તમામ કુલ ગુણ લક્ષમાં લઇ ઉમેદવારોના મેરીટ નક્કી કરવામાં આવશે અને તમામ મળવાપાત્ર ગુણ ઉમેર્યા બાદ ખાલી જગ્યાના આશરે કેટેગીરી વાઇઝ આઠ ગણા ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી માટે બોલાવવામાં આવશે.

- શારીરિક ક્ષમતા કસોટી (Physical Efficiency Test) અને શારીરિક માપદંડ (Physical Standard Test)માં ઉત્તીર્ણ (કવોલીફાઇ) થનાર ઉમેદવારો પૈકી કેટેગીરી વાઇઝ ખાલી જગ્યાના આશરે ૨ (બે) ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવશે.

(૧૮.૨) અનુસૂચિત જાતિ (SC)/ અનુસૂચિતજનજાતિ (ST)/ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) અને માજી સૈનિકની અનામત જેટલા પુરતા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થતા હોય તો તેવી અનામત કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વ્યાજબી રીતે ઘટાડી શકશે.

(૧૮.૩) ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની તાલીમ/અન્ય ખાતાકીય તાલીમ/પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની રહેશે.

(૧૮.૪) પસંદગી પામેલા ઉમેદવારો પ્રવર્તમાન હુકમો મુજબ હથિયારી/ બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષક, જેલ સિપાઇ (પુરૂષ), જેલ સિપાઇ (મહિલા)/મેટ્રન ના સંવર્ગમાં પ્રથમ પાંચ વર્ષની કરાર આધારિત અવધિ માટે ફિકસ્ડ માસિક વેતનથી કરારની શરતો મુજબ નિમણુંક મેળવશે. કરારને અંતે સંતોષકારક સેવા પૂર્ણ કરનારને નિયમિત રીતે મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે. ઉપરોકત તમામ સંવર્ગના પસંદગી પામેલ ઉમેદવારોએ તેઓના કરાર આધારીત સમયગાળા દરમ્યાન લાઇટ મોટર વ્હીકલ/હેવી મોટર વ્હીકલ માટેનું લાયસન્સ મેળવી લેવાનું રહેશે.

(૧૮.૫) લોકરક્ષક/જેલ સિપાઇ સંવર્ગમાં સરકારશ્રીના નાણાં વિભાગ, ગાંધીનગર તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ માં જણાવ્યા મુજબ કરારના સમયગાળા દરમ્યાન માસિક રૂ.૧૯,૯૫૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી “લોકરક્ષક/જેલ સિપાઇ” તરીકે ફિક્સ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમ્યાન સંતોષકારક રીતે નોકરી પૂર્ણ કરશે તો નિયમિત કોન્સ્ટેબલ/જેલસિપાઇના પગાર ધોરણમાં નિમણુંક આપવામાં આવશે.

(૧૮.૬) કોન્સ્ટેબલ સંવર્ગની જગ્યાઓમાં નીચેની જગ્યાઓમાં નિમણુંક મળવાપાત્ર થશે.

(i) બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ/મહિલા)
(ii) હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (પુરૂષ/મહિલા)
(iii) જેલ સિપાઇ(પુરૂષ)
(iv) જેલ સિપાઇ(મહિલા)/matron

ઉમેદવારોએ ડોકયુમેન્ટ વેરીફીકેશન કરાવતી વખતે તેમની પસંદગીનું સંવર્ગ જણાવવું પડશે. જે તેમની પસંદગી અને મેરીટ ધ્યાનમાં લઇ ઉમેદવારોને જે તે સંવર્ગમાં નિમણુંક આપવામાં આવશે. આ અંગેનો આખરી નિર્ણય બોર્ડનો રહેશે.

(૧૮.૭) નિમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(૧૮.૮) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. તેમજ તેમની ઉમેદવારી પણ રદ્દ કરવામાં આવશે.

(૧૮.૯) જાહેરાત કોઇપણ કારણોસર રદ્દ / ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૮.૧૦) ઓનલાઇન એપ્લીકેશન સ્વીકારવાની મુદ્દત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે લેખિત પરીક્ષાની માહિતી તથા શારીરિક ક્ષમતા કસોટી/શારીરિક માપ કસોટીની માહિતી, લેખિત પરીક્ષાની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતો વખત https://ojas.gujarat.gov.in વેબ સાઇટ તેમજ ભરતી બોર્ડ ધ્વારા બનાવવામાં આવનાર વેબ સાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી તે અંગે માહિતગાર રહેવાનું રહેશે.

(૧૮.૧૧) એક ઉમેદવાર એક અરજી (No Multiple Application)

(એ) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમછતાં એકથી વધુ અરજી (Multiple Application)ના કિસ્સામાં ફી સહિત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય ગણાશે. તે સિવાયની બધી અરજીઓ રદ્દ થશે અને ભરેલ ફી ના નાણાં પરત મળશે નહીં.

(બી) એક કરતા વધારે અરજી(Multiple Application)કરવામાં આવશે તો, ફી ભરેલી અરજી સાથેની ફી ને, ફી નહીં ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.

(સી) જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે. અને તે સિવાયની બધી અરજીઓ રદ્દ ગણવામાં આવશે.

(૧૮.૧૨) મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો આ કેટેગરીના ઉમેદવારો માટે ગુણાનુક્રમનું ધોરણ ભરતી બોર્ડ સ્વવિવેકાનુસાર, પ્રવર્તમાન નિયમો મુજબ વ્યાજબી રીતે ઘટાડી શકશે. તેમ છતાં યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા સબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૧૮.૧૩) માજી સૈનિક માટે (THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES,1975)માં કરેલ જોગવાઇ મુજબ માજી સૈનિક માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા ધારાધોરણ મુજબ એકસ સર્વિસમેનની પરિભાષામાં આવતું હોય તેમજ ગુજરાત રાજ્યની સબંધિત જીલ્લા સૈનિક કલ્યાણ કચેરીઓ તરફથી એકસ સર્વિસમેનના ઓળખપત્ર ઇસ્યુ થયા હોય અને જેઓ એકસ સર્વિસમેનનું પેન્શન મેળવતા હોયતેઓને જ માજી સૈનિક તરીકે ગણવામાં આવશે.

(૧૮.૧૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને લેખિત કસોટીમાં મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ નિમણુંક સમયે પૂન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત ભરતી બોર્ડ માંગે ત્યારે તેના તમામ પુરાવા/પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાના રહશે.

(૧૮.૧૫) એથલેટીકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વીમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લિફ્ટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઇકલીંગ, જીમનેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવાઆંતર યુનિવર્સીટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે લેખિત કસોટીમાં મળેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ના ઠરાવક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨ તથા તા.૧/૮/૧૯૯૦ના ઠરાવક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગ.૨માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂના માં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ભરતી બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જરમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. Sports માં અરજી કરનાર ઉમેદવાર જો ભરતી બોર્ડ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને Sports ના વિશેષ ગુણ મળવાપાત્ર થશે નહીં.

(૧૮.૧૬) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી - જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી., માજી સૈનિક, SEBC માટે નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ, NCC ‘C’સર્ટી., રક્ષા શકિત યુનિર્વસિટીનું પ્રમાણપત્ર, સ્પોર્ટસ, વિધવા અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રોઅને પુરાવાઓ બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (પ્રમાણિત ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કેથી “ રદ્દ ” કરવા પાત્ર થશે. તેમજ ભરતી પ્રક્રિયામાં કોઇપણ ભુલને કારણે ઉમેદવારની પસંદગી થયેલ હશે તો તે ભૂલ ધ્યાને આવતા ઉમેદવારની પસંદગી રદ્દ કરવામાં આવશે.

(૧૮.૧૭) અરજદારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો, તેવી અરજી રદ્દ કરવાપાત્ર થશે.

(૧૮.૧૮) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMSથી મોકલવામાં આવશે. તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહીં.

(૧૮.૧૯) ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા તેવા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત –

(ક) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(ખ) (૧) ભરતી બોર્ડ સીધી પસંદગી માટે લેવાની કોઇપણ પરીક્ષામાં બેસવા માંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(૨) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરી માંથી કાયમી રીતે અથવા નિર્દીષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(૧૮.૨૦) ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી / સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોયઅને ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ્દ થવાને પાત્ર બનશે.

(૧૮.૨૧)નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ્દ કરવામાં આવશે.
(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી.)

(a) ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય.

(b) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(c) અરજીમાં ઉમેદવારે સહી કે રંગીન પાસપોર્ટ સાઇઝનો સુચવેલ ફોર્મેટમાં ફોટો અપલોડ કરેલ ન હોય.

(d) અરજી ફેકસથી, ઇ-મેઇલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય.

(e) ઉમેદવારે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(f) અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC), તેમજ માજી સૈનિકના આધારે ઉમેદવારી નોંધાયેલ હોય તે અંગેનું સર્ટી. ધરાવતા ન હોય.

(g) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ (SEBC)ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું (નોન ક્રિમીલીયર) પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(૧૮.૨૨) જાહેરાત/સુચનાઓમાં જે ઠરાવો/નિયમો/પરિપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો-વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે. આ જાહેરાત સબંધે કોઇ વાદવિવાદ કે અર્થઘટન સબંધે કોઇ વિવાદ ઉપસ્થિત થશે, તે સંજોગોમાં સરકારશ્રી દ્વારા ભરતી બાબતમાં જાહેર કરેલ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવોની મૂળ જોગવાઇઓ અંતિમ રહેશે. તેમજ આ તમામના અર્થઘટન અંગે ભરતી બોર્ડનો નિર્ણય આખરી રહેશે. જે અરજદારને બંધનકર્તા રહેશે. આ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવો જાહેરાતના મુદ્દા નંબર (૪) માં જણાવેલ સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.inતેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

## (૧૯) પસંદગી યાદી :

લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ, એન.સી.સી. "સી" સર્ટીફીકેટના મળવાપાત્ર ગુણ, રક્ષા શકિત યુનિર્વસિટી પ્રમાણપત્રના મળવાપાત્ર વધારાના ગુણ, રમતવીરોને મળવાપાત્ર વધારાના ગુણ તથા વિધવાને મળવાપાત્ર વધારાના ગુણ અને ફીઝીકલ એફીસીયન્સી ટેસ્ટમાં મેળવેલ ગુણ લક્ષમાં લઇને કોન્સ્ટેબલ (લોકરક્ષક)/જેલ સિપાઇ  સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

જાહેરાતમાં જણાવેલ કેટેગીરી વાઇઝ ખાલી જગ્યાના ૨૦ % લેખે પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## (૨૦) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(૨૦.૧) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે. જ્યાં **ઇન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રીન્ટર સાથે)** ઉપલબ્ધ હોય તેવા કોઇપણ સ્થળે સાયબર કાફે અથવા ઇ-ગ્રામ પંચાયતમાં અથવા પોતાના રહેઠાણ/ઓફીસ માંથી ઉમેદવારો ઓનલાઇન અરજી કરી શકશે.

(૨૦.૨) લાયકાતો ધરાવતા ઉમેદવારોએ ઉપરોકત તમામ સંવર્ગની જગ્યાઓ માટે એક જ અરજી પત્રક ભરવાનું રહેશે.

(૨૦.3) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(૨૦.૪)ઓનલાઇન અરજી કન્ફર્મ કરીને અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(૨૦.૫) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ જનરલ (General) કેટેગરીના ઉમેદવારોએ નીચે જણાવેલ ફકરા નંબર (૨૧) માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં અથવા ઓનલાઇન પણ ભરી શકાશે.

## (૨૧) પરીક્ષા ફી :

(૨૧.૧) જનરલ (General) કેટેગરીના ઉમેદવારોએ નીચે જણાવ્યા મુજબ ફી ઉપરાંત લાગુ પડતા પોસ્ટ ઓફીસના/બેંકના વહીવટી-સર્વિસ ટેક્ષના ચાર્જીસ ભરવાના રહેશે. (Scheduled Castes, Scheduled Tribes, Socially and EX-Serviceman ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

| અ.નં. | કેટેગરી | ફી ની રકમ |
|---|---|---|
| ૧ | GENERAL | રૂ. ૧૦૦ |

(૨૧.૨) જનરલ (General) કેટેગરીના ઉમેદવારો જ્યારે વેબ સાઇટ ઉપર પોતાની અરજી કન્ફોર્મ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે બે વિકલ્પો મળશે. (૧) ઓનલાઇન ફી (૨) ઓફલાઇન (પોસ્ટ ઓફીસ દ્વારા ભરવાની ફી) તે પૈકી માંથી ઉમેદવારોએ કોઇપણ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

(૨૧.3) જે ઉમેદવારો ઓનલાઇન ફી ભરવા માંગતા હોય, તેઓએ ઓનલાઇન ફી ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી, ઓનલાઇન બેન્કીંગ અથવા ATM/DEBIT કાર્ડ અથવા ક્રેડીટ કાર્ડથી પરીક્ષા ફી ભરવાની રહેશે. જે માટે ઉપર પેરા નંબરઃ ૨૧.૧ ના કોષ્ટકમાં જણાવેલ પરીક્ષા ફી તથા બેંક ચાર્જીસના નાણાં રૂ.૫.૯૦/- ભરવાના રહેશે. ઓનલાઇન ફી ભર્યા અંગેની પહોંચની પ્રિન્ટ કાઢી લઇ પોતાની પાસે રાખવાની રહેશે.

(૨૧.૪) જે ઉમેદવારો ઓફલાઇન ફી (પોસ્ટ ઓફીસ દ્વારા) ભરવા માંગતા હોય તેઓએ ઓફલાઇન ફી ભરવા માટેનો વિકલ્પ પસંદ કરી પોસ્ટ ઓફીસમાં ફી ભરવા માટેના ચલણના નકલની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે અને ઉમેદવારોએ ચલણ સાથે રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને જે માટે ઉપર પેરા નંબરઃ ૨૧.૧ ના કોષ્ટકમાં જણાવેલ પરીક્ષાફી તથા પોસ્ટ ઓફીસ ચાર્જીસના નાણાં રૂ.૧૨/- ભરવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલમાં સિક્કા કરી ઉમેદવારને પરત આપશે.

(૨૧.૫) પોસ્ટ ઓફીસમાં અરજી ફી ભરેલ ચલણ/ઓનલાઇન ફી ભરેલ પહોંચની નકલ ઉમેદવારે લેખિત/શારીરિક કસોટી વખતે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે. અને આ સિવાય ઉમેદવારને ભરતી પ્રક્રિયામાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

(૨૧.૬) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.

(૨૧.૭) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૨/૦૯/૨૦૧૮ (કચેરી સમય સુધી) છે.

(૨૧.૮) ફી ભર્યા બાદ રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી. તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં અને એક કરતા વધારે ફી ભરેલ હશે તો તે પરત આપવામાં આવશે નહીં.

(૨૧.૯) ઓનલાઇન અથવા પોસ્ટ ઓફીસ ખાતે પરીક્ષા ફી ભર્યા બાદ ૨૪ કલાકની અંદર જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી ભરેલ છે તે જ પોસ્ટ ઓફીસનો અથવા જો ઓનલાઇન ફી ભરેલ હોય તો જે તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરવાનો રહેશે.

**(૨૨)** ઓનલાઇન અરજી કર્યા બાદ, લેખિત કસોટી/શારીરિક ક્ષમતા કસોટી માટેના કોલ લેટર માટે છાપામાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓન લાઇન વેબ સાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

**(૨૩)** વધુ પૃચ્છા માટે તા.૧૫/૦૮/૨૦૧૮ થી તા.૦૭/૦૯/૨૦૧૮ દરમ્યાન ટોલ ફ્રી નંબર :૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર જાહેર રજાના દિવસો સિવાય સવાર કલાક : ૧૦.૩૦ થી સાંજના કલાક ૦૬.૦૦ સુધી પુછપરછ કરી શકાશે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૫/૦૮/૨૦૧૮

(વિકાસ સહાય, IPS)
અધ્યક્ષ લોકરક્ષક ભરતી બોર્ડ અને
મહાનિયામક, રક્ષાશકિતયુનીવર્સિટી,
ન્યુ મેન્ટલ, મેઘાણીનગર, અમદાવાદ.